# અમારા હક્ક તણું મણ મણ મળ્યું એને નથી છોડ્યું, વળી અણહક્ક તણું એકેય તે અહીં કણ નથી લીધું

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

સુરતની એમ.ટી.બી. આર્ટસ કોલેજના અધ્યાપક નરેનભાઈ જોષી સ્વભાવના શાંત. એમને ભાગ્યે જ કોઈ ચિંતા સતાવે. વરાછાના એમના મકાનમાં પત્ની કોકિલા અને એમના પુત્ર કમલ સાથે એ નિરાંતે રહેતા હતા.

જો કે ભગવાનથી કોઈની નિરાંત ક્યાં સહન થતી હોય છે ? લગભગ 1977માં કોલેજનું પ્રિ.યુનિવર્સિટીનું ધોરણ સરકારે હાઈસ્કૂલોને બારમા ધોરણ તરીકે આપી દીધું ને કોલેજોમાં ચારના બદલે ત્રણ જ વર્ષ રાખ્યાં.

ધોરણ તો આપી દીધું પણ બારમા ધોરણમાં ભણાવવા માટે કોલેજમાંથી અધ્યાપકો ફાજલ પડ્યા એમને હાઈસ્કૂલોમાં મૂકવાનું શરૂ કર્યું.

નરેનભાઈ આમ તો ઘણાં વર્ષોથી કોલેજમાં હતા પણ ગુજરાતી વિભાગમાં એમનાથી સીનિયર બે અધ્યાપકો હતા એટલે નરેનભાઈ ફાજલ પડ્યા અને એમને ગણદેવીની સરસ્વતી હાઈસ્કૂલમાં જોડાવાનો ઓર્ડર આવી ગયો!

‘‘આપણે ગણદેવી જવું પડશે?’’ કોકિલાબહેને એક સાંજે જમતી વખતે પૂછ્યું.

‘‘હા,’’ નરેનભાઈએ ખિન્ન થઈને કહ્યું, ‘‘અત્યારે તો દિવાળી વેકેશન છે, એ ખૂલતાં જ ત્યાં સરસ્વતી હાઈસ્કૂલમાં જોડાવું પડશે.’’

‘‘પછી કાયમ ત્યાં જ રહેવાનું થશે?’’ કોકિલાબહેને સચિંત થઈને પૂછ્યું.

‘‘કાયમ તો નહીં,’’ નરેનભાઈ બોલ્યા, ‘‘પણ હું છું એ કોલેજમાં કે બીજી કોલેજમાં જગ્યા પડશે તો મને ત્યાં મૂકશે. ગણદેવી કેટલું રહેવું પડે એ નક્કી નહીં.’’

‘‘અરેરે...’’ કોકિલાબહેન રડી પડ્યાં, ‘‘અહીંની બધી માયા સંકેલીને ત્યાં જવું પડશે! કમલનું ભણવાનું પણ બગડશે.’’

‘‘એનું ભણવાનું નહીં બગડે,’’ નરેનભાઈ બોલ્યા, ‘‘ત્યાંની પ્રાથમિક શાળામાં એને દાખલ કરી દઈશું. એની ચિંતા ન કર.’’

‘‘પણ મકાન રાખવાનું ને સામાન લઈ જવાનો....’’ કોકિલાબહેન બોલ્યાં.

‘‘હું વેકેશન ખૂલતાં ત્યાં હાજર થવા જઈશ,’’ નરેનભાઈએ કોકિલાબહેનની વાત કાપતાં કહ્યું, ‘‘એ દિવસે જ ત્યાંના સ્ટાફને મળીને મકાન રાખી લઈશ ભાડે ને પછી પાછો આવીશ. પછી આપણે સામાન લઈને ત્યાં રહેવા જતાં રહીશું. ત્યાં જરૂર પૂરતો સામાન લઈ જઈશું કેમ કે એ ભાડાનું મકાન હશે એટલે મોટાભાગનો સામાન અહીં આપણા ઘરમાં જ રાખીશું. વેકેશનમાં આપણે અહીં આવતા રહીશું અને શનિ-રવિ પણ અહીં આવીશું, ગણદેવી ક્યાં દૂર છે?’’

‘‘સારું,’’ કોકિલાબહેન બોલ્યાં, ‘‘પણ મકાન સરસ શોધજો ને પાડોશીઓ સારા હોય એવું શોધજો.’’

એ વાત તો ત્યારે પૂરી થઈ. તાપીમાં પાણી વહેતાં રહ્યાં ને સમય પસાર થતો રહ્યો. દિવાળી પણ આવી અને ગઈ.

વેકેશન ખૂલ્યું એ જ દિવસે નરેનભાઈ બસમાં ગણદેવી ગયા ને હાઈસ્કૂલમાં ઓર્ડર આપીને હાજર થઈ ગયા.

‘‘સુરતથી આવો છો સાહેબ?’’ બપોરની રિસેસમાં ગણિતના શિક્ષક ચંદુભાઈએ એમને પૂછ્યું.

‘‘હા,’’ નરેનભાઈએ જવાબ આપ્યો, ‘‘ત્યાંથી સરપ્લસ થઈને આવ્યો છું. હવે ફેમિલીને મકાન રાખ્યા પછી લાવીશ. તમારા ધ્યાનમાં કોઈ સારું મકાન છે?’’

‘‘ઘણાં મકાન છે સાહેબ,’’ ચંદુભાઈ હસ્યા, ‘‘પણ, તમારે સારો એરિયા ને સારું મકાન જોઈતું હોય તો જૂના સિનેમા રોડ પાસે ગાયત્રી સોસાયટી સારી છે. ત્યાં એક મકાન સારું છે.’’

‘‘આપણે છૂટીને જોવા જઈશું?’’ નરેનભાઈએ પૂછ્યું.

‘‘ચોક્કસ,’’ ચંદુભાઈ બોલ્યા, ‘‘એ મકાનમાલિક મારા સંબંધી જ છે એટલે ભાડે આપશે જ.’’

સાંજના હાઈસ્કૂલ છૂટ્યા પછી ચંદુભાઈની બાઈક પર નરેનભાઈ ગાયત્રી સોસાયટીમાં પ્રવેશ્યા. સામસામે કુલ ચૌદ ટેનામેન્ટ હતા. સોસાયટીના છેડાના મકાનથી આગળનું મકાન ચંદુભાઈએ બહારથી બતાવ્યું.

‘‘જુઓ સાહેબ,’’ ચંદુભાઈ બોલ્યા, ‘‘આ મકાન છે. એક રૂમ, રસોડું ને સંડાસ-બાથરૂમ છે. પાણી પણ નળમાં આવે છે એટલે ચિંતા નહીં. ભાડું પણ આપણે વ્યાજબી કરાવશું. મકાનમાલિક આ સોસાયટીમાં જ રહે છે. તમે ઊભા રહો, હું ચાવી લેતો આવું.’’

પાંચ મિનિટમાં જ ચંદુભાઈ ચાવી લઈને આવી ગયા ને મકાન ખોલ્યું. સરસ રૂમ હતો. રસોડું પણ સરસ હતું એટલે નરેનભાઈ ખુશ થયા.

‘‘સામે જસુભાઈ સોની રહે છે ને બીજા બધા લગભગ પટેલ છે,’’ ચંદુભાઈ બોલ્યા, ‘‘બધા સદ્ધર માણસો છે એટલે તમને વાંધો નહીં આવે.’’

‘‘તો ચાલો,’’ નરેનભાઈ બોલ્યા, ‘‘આપણે મકાનમાલિકને મળીને ભાડું નક્કી કરી નાખીએ.’’

ચંદુભાઈ નરેનભાઈને લઈને મકાનમાલિકના ટેનામેન્ટમાં પ્રવેશ્યા. ચાપાણી પત્યા પછી મકાનમાલિકે ત્રણસો રૂપિયા ભાડું કહ્યું ને નરેનભાઈ તૈયાર થઈ ગયા. પોતે અત્યારથી જ આ મકાન રાખ્યું, સાફ કરાવી નાખજો, અમે કાલે જ સામાન લઈને આવી જઈશું એમ કહીને એ ચંદુભાઈ સાથે બહાર નીકળ્યા. ચંદુભાઈ એમને બસસ્ટેન્ડ સુધી મૂકવા ગયા.


સુરત પહોંચીને નરેનભાઈએ કોકિલાબહેનને મકાનની વાત કરી ને ગામ પણ સરસ છે એમ કહ્યું એટલે કોકિલાબહેનને ધરપત થઈ.

બીજા દિવસે બપોરના એક ટેમ્પામાં સામાન લઈને નરેનભાઈ કોકિલાબહેન અને કમલને લઈને ગણદેવી પહોંચી ગયા. મકાન સાફસૂફ થઈ ગયું હતું એટલે એમણે અને કોકિલાબહેને સામાન ગોઠવવાની શરૂઆત કરી દીધી.

‘‘અરે બહેન,’’ બારણામાંથી અવાજ આવ્યો ને કોકિલાબહેને એ તરફ જોયું.

‘‘અરે બહેન,’’ આવનાર બહેન બોલ્યાં, ‘‘એકલા એકલા ક્યાં ગોઠવશો બધું? હું મદદ કરું છું ને આજે સાંજના જમવાનું મારે ઘેર જ રાખજો.’’

‘‘તમે ક્યાં રહો છો ?’’ કોકિલાબહેને પૂછ્યું. ‘‘અરે, તમારી સામે જ,’’ આવનાર બહેને કહ્યું, ‘‘મારું નામ કેતકી. હું જસુભાઈ સોનીની પત્ની છું. એ દુકાને છે, સાંજના આવી જશે.’’



**મંગુબા તો ગયા વરસે જ અવસાન પામ્યાં! હવે તો હું સાવ એકલી પડી ગઈ છું. તમારો પાડોશ હતો તો કેટલી મઝા હતી**

કેતકીએ અને કોકિલાબહેને સામાન ગોઠવી દીધો, એ પછી કેતકી ઘેર ગઈ ને કોકિલાબહેને રસોડાનો સામાન ગોઠવી દીધો, ત્યાં સાંજ ઢળી ગઈ.

સાંજ પડ્યા પછી કેતકીબહેનના ઘરની બહાર મોટરસાઈકલનો અવાજ આવ્યો. જસુભાઈ દુકાનેથી આવી ગયા હતા. એ આવીને સીધા જ નરેનભાઈના ઘેર ગયા.

જસુભાઈએ નરેનભાઈ સામે જોયું અને આશ્ચર્યથી એમની પાસે ગયા.

‘‘અરે સાહેબ,’’ જસુભાઈ આશ્ચર્યથી બોલ્યા, ‘‘તમે જ નવા નવા હાઈસ્કૂલમાં આવ્યા છો?’’

‘‘હા ભાઈ,’’ નરેનભાઈ બોલ્યા, ‘‘તમે...?’’

‘‘હું જસુભાઈ સોની,’’ જસુભાઈ બોલ્યા, ‘‘તમારી સામે જ રહું છું. મારી સોનીની દુકાન છે. મને તો એમ હતું કે મોટા સાહેબ હશો પણ તમે તો લગભગ મારા જેવડા જ છો એ જોઈને મને આશ્ચર્ય થયું. ચાલો, હવે જમવા આવી જાઓ. આપણી દોસ્તી જામી જશે.’’

પાંચેક મિનિટ પછી નરેનભાઈ કોકિલાબહેન અને કમલને લઈને જસુભાઈના ઘેર ગયા. કેતકીબહેને એમને આવકાર્યાં. જસુભાઈ તો કોલેજના સાહેબ પોતાની સામે રહેવા આવ્યા એટલે રાજી જ હતા ને એમાંય જમવા આવ્યા એટલે એમની ખુશી બેવડાઈ.

જસુભાઈના બા મંગુબા રસોડામાંથી બહાર આવ્યાં. કોકિલાબહેન એમને પગે લાગ્યાં ને મંગુબાએ આશીર્વાદ આપ્યા. આ કોકિલાબહેનને મંગુબાનો પહેલો જ પરિચય.

બીજા દિવસે સવારના કોકિલાબહેને રસોઈની તૈયારી શરૂ કરી, ત્યાં જ મંગુબા આવ્યાં.

‘‘દીકરી,’’ એમણે કહ્યું, ‘‘હમણાં બે-ચાર દિવસ રસોઈ ન બનાવતાં. અમારે ઘેર જ જમજો. પછી અહીં શરૂ કરજો. મૂકી દો ડબ્બલા બધા.’’

કોકિલાબહેનને મંગુબા તરફ માન થયું. સાવ અજાણ્યા ગામમાં આવેલા સાવ અજાણ્યા માણસોને આ રીતે આવકાર મળે એ એમના માટે નવું હતું.

એ પછી તો જસુભાઈ સાથે નરેનભાઈની દોસ્તી જામી ગઈ. એ સોસાયટીમાં કાંતિભાઈ ડૉક્ટર અને કાનજીભાઈ ડૉક્ટર પણ રહેતા હતા. એ બંને, જસુભાઈ અને નરેનભાઈ અવારનવાર નવસારી કે સુરત ફિલ્મ જોવા જતા.

કોકિલાબહેનને તો મઝા પડી ગઈ. કમલને સ્કૂલમાં એડમિશન અપાવી દીધું હતું એટલે એ રોજ નિયમિત શાળાએ જતો થઈ ગયો.

ધીમે ધીમે કમલને મિત્રો પણ મળતા ગયા. મનોજ, દિલીપ અને ઉત્તર ગુજરાત તરફથી આવેલા રંગુજી કડવાજી અને બળવંતસંગ બહાદુરસંગ જોડે એને પાક્કી દોસ્તી થઈ ગઈ. હવે એ સુરતને ભૂલતો ગયો.

કોકિલાબહેન તો લગભગ મંગુબાની સાથે જ રહેતાં. સમય પસાર થતો ગયો. શનિ-રવિ જસુભાઈની બાઈક લઈને નરેનભાઈ કુટુંબ સાથે સુરત પોતાના ઘેર જતા. જો કે હવે એમને પણ ગણદેવીની માયા લાગતી જતી હતી. નરેનભાઈનો પગાર હાઈસ્કૂલના હેડમાસ્તર કરતાં પણ વધારે હતો એ વાતનું ગામ આખાને આશ્ચર્ય હતું.

‘‘સાહેબ,’’ જસુભાઈએ એક દિવસ કહ્યું, ‘‘એક વીંટી બનાવી દઉં તમને પણ પૈસા નહીં લઉં.’’

‘‘એ વાત ખોટી,’’ નરેનભાઈ બોલ્યા,‘‘કેટલાની વીંટી બનશે?’’

‘‘એક તોલાની બનાવીશ,’’ જસુભાઈ બોલ્યા, ‘‘ચારસો રૂપિયા તોલાના છે, મજૂરી તો તમારે આપવાની જ ન હોય. ભલે તમે મહિને સો સો રૂપિયા આપજો.’’

બીજા અઠવાડિયે જસુભાઈએ વીંટી બનાવી દીધી. નરેનભાઈ ભાવુક થઈ ગયા.

એ પછી તો જસુભાઈ કાંતિભાઈ ડૉક્ટરની બુલેટ લઈ લેતા ને પોતાની બાઈક નરેનભાઈને આપતા. જસુભાઈ, કેતકીબહેન, નરેનભાઈ, કોકિલાબહેન ને નાનકડો કમલ બાઈક પર સવાર થતાં ને દૂર દૂરનાં સ્થળોએ ફરવા નીકળી જતાં.

કોકિલાબહેન મંગુબાને માથામાં તેલ નાખી આપતા, ક્યારેક એમનું માથું દુખે તો કોકિલાબહેન એમનું માથું દબાવી આપતા. એમને તાવ આવે તો ટીકડી પણ આપતાં.

‘‘દીકરી,’’મંગુબા કહેતાં, ‘‘તારે ને મારે કયા ભવનું લેણું હશે એ જ મને તો સમજાતું નથી!’’

‘‘બધું આ ભવનું જ લેણું છે મંગુબા,’’ કોકિલાબહેન કહેતાં, ‘‘અમારે ભલે અહીંથી ગમે ત્યારે સુરત પાછા જવાનું થાય પણ તમને હું ભૂલી નહીં શકું.’’

એક વર્ષ પસાર થઈ ગયું. એ પછી એક દિવસ જસુભાઈને ત્યાં બે-ત્રણ માણસો આવ્યા. જસુભાઈએ કોથળો ભરીને ધૂળ એમની સામે મૂકી અને એમણે કામ શરૂ કર્યું. નરેનભાઈને તો હાઈસ્કૂલ જવાનું હતું એટલે એ તો નીકળી ગયા પણ સાંજે એ પાછા આવ્યા ત્યારે જસુભાઈ હાથમાં છ ઈંચ લાંબો સોનાનો સળિયો લઈને એમની પાસે આવ્યા.

‘‘જુઓ સાહેબ,’’ એમણે કહ્યું, ‘‘દુકાનની ધૂળ લગભગ બે વર્ષે અમે ધૂળધોયા પાસે ધોવડાવીએ છીએ. આજે જે ધૂળધોયા આવ્યા હતા, એમણે ધૂળ ધોઈ એમાંથી નવ તોલા સોનું નીકળ્યું. હું દર વખતે મંગુબાને એક તોલો ધર્મના કામમાં વાપરવા આપી દઉં છું. અમે આ સોનાને તેજાબ કહીએ છીએ. લઈ લો સાહેબ, તમને બસ્સો રૂપિયે તોલો આપી દઈશ અને એ પણ હપ્તે હપ્તે.’’ ‘‘ના જસુભાઈ,’’નરેનભાઈ બોલ્યા, ‘‘મારે એ રીતે સોનું નથી લેવું. તમે દુકાનમાં વેચી દેજો પણ તમારી લાગણી માટે આભાર. તમારા જેવો દોસ્ત મળવો મુશ્કેલ છે.’’ લગભગ ભાઈ જેવો સંબંધ નરેનભાઈને જસુભાઈ જોડે બંધાઈ ગયો. એક દિવસ મંગુબા કોકિલાબહેન પાસે આવ્યાં ને સાડીમાં વીંટાળી રાખેલી એક પોટલી એમને આપી. ‘‘કોકિલાબહેન,’’ એમણે કહ્યું, ‘‘આમાં આઠસો રૂપિયા છે. ઘેર કોઈને ખબર નથી પણ મેં સાચવીને રાખ્યા છે. અંબાજી જાઉં ત્યારે મારે મંદિરમાં મૂકવા છે. મારાથી સચવાશે નહીં, મારી થાપણ તરીકે તમે સાચવીને રાખો.’’ કોકિલાબહેને એ પૈસા પોતાની પર્સમાં મૂકી દીધા. લગભગ સાડા ત્રણ વર્ષે નરેનભાઈને સરકારી કાગળ મળ્યો - કાલે જ તમારી મૂળ સંસ્થામાં પાછા જોડાઈ જાઓ! નરેનભાઈએ તાબડતોબ સામાન પેક કરવાનું શરૂ કર્યું. જસુભાઈ તો એ દિવસે વલસાડ ગયા હતા એટલે એમને મળાયું નહીં પણ બીજા દિવસે હાજર થવાનું હોઈ નરેનભાઈએ હાઈસ્કૂલનું છૂટા થવાનું કામ પતાવ્યું ને મીની ટ્રક બાંધીને સામાન ભરાવ્યો. ગામમાંથી બેત્રણ જણ મદદમાં આવ્યા. મંગુબા તો રડી પડ્યાં. કોકિલાબહેન, કેતકીબહેન ને પાડોશીઓની આંખોમાંથી આંસુ છલકાતાં હતાં. મીની ટ્રક ઉપડી ને બપોરના તો નરેનભાઈ સુરત પહોંચી પણ ગયા.

એકાદ મહિનો પસાર થયો હશે ત્યાં ગણદેવીથી નટુભાઈ સોનીનો ફોન આવ્યો - જસુભાઈ સોનીનું હાર્ટ એટેકથી અવસાન થયું છે! વજ્રાઘાત થયો હોય એમ નરેનભાઈ સ્તબ્ધ થઈ ગયા. ટેક્સી કરીને કોકિલાબહેનને લઈને એ તરત જ ગણદેવી પહોંચ્યા. અંતિમવિધિ પતાવીને એ સુરત પરત આવી ગયા.

એ પછી લગભગ રોજ એ જસુભાઈને યાદ કરતા. સમય પસાર થતો ગયો ને ધીમે ધીમે જસુભાઈ ભૂલાતા ગયા. લગભગ આડત્રીસ વરસ પછી કોકિલાબહેનને હાર્ટ એટેક આવ્યો ને એમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યાં. “હું નહીં બચી શકું,” એમણે નરેનભાઈને કહ્યું, “આવજો, સાચવજો.” નરેનભાઈ કોકિલાબહેનના અવસાનથી સાવ એકાકી થઈ ગયા. દીકરો તો નોકરી માટે અમદાવાદ હતો, હવે એમને ઘરમાં એકલું લાગતું હતું. એક દિવસ એમણે કોકિલાબહેનની બેગ ખોલી તો એમાંથી એક કપડાંની નાની પોટલી નીકળી, એમાં આઠસો રૂપિયા હતા! નરેનભાઈને યાદ આવી ગયું - આ તો મંગુબાની થાપણ! એમને લાગ્યું કે, કોકિલાના આત્માની શાંતિ માટે આ થાપણ મંગુબાને પરત કરવી જોઈએ. એ ટેક્સી કરીને ગણદેવી ગયા. ઘણુંબધું બદલાઈ ગયું હતું.

કેતકીબહેને એમને આવકાર્યાં.

“નરેનભાઈ,” કેતકીબહેને કહ્યું, “!”

નરેનભાઈએ પોટલી કેતકીબહેનના હાથમાં મૂકી.

“આ મંગુબાએ કોકિલાને સાચવવા આપેલી થાપણ છે. કોકિલા પણ થોડા સમય પહેલાં જ અવસાન પામી એટલે હું આ આપવા આવ્યો છું.”

“ઊભા રહો,” કહીને કેતકી રસોડામાં ગઈ અને એક ડબ્બામાંથી એક એવી જ પોટલી કાઢીને નરેનભાઈના હાથમાં મૂકી.

“મંગુબાએ આ તમને આપવાનું કહ્યું છે,” કેતકીબહેન બોલ્યાં, “છેલ્લે છેલ્લે એમણે કોકિલાબહેનને આપવાનું કહેલું પણ એ તો નથી, હવે તમે લઈ લો, આ તમારા હક્કનું જ છે.”

કેતનભાઈએ આશ્ચર્યથી પોટલી ખોલીને જોયું- જસુભાઈ આપતા હતા એ સોનાના એક એક તોલાના વીસ ટુકડા એમાં હતા!

કેતકીબહેન અને નરેનભાઈ સજળ આંખે પોટલી સામે તાકી રહ્યાં!

(શીર્ષકપંક્તિ:નરેન્દ્રસિંહ મકવાણા)